# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર

શનિવાર ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૬




### રાણક ગર્લ્સ હોસ્ટેલમાં દૂષિત ખોરાક આરોગ્યા બાદ વિદ્યાર્થિનીઓને અચાનક ઝાડા-ઉલટી અને પેટમાં અસહ્ય દુખાવો ઉપડ્યો

# વિદ્યાનગરની હોસ્ટેલમાં ૨૧૮ વિદ્યાર્થિનીને ફૂડ પોઈઝનિંગ !

**લાપરવાહ તંત્ર સામે** ભારે આક્રોશ વ્યક્ત કરતાં તપાસનો ધમધમાટ

(પ્રતિનિધિ) આણંદ તા.૧૧

વલ્લભ વિદ્યાનગર સ્થિત સીવીએમ સંચાલિત રાણક ગર્લ્સ હોસ્ટેલમાં ગંભીર ખાદ્ય વિષાક્તતા (ફૂડ પોઈઝનિંગ) ની મોટી ઘટના સામે આવતાં શિક્ષણ જગતમાં અરેરાટી સાથે ભારે ખળભળાટ મચી ગયો છે. હોસ્ટેલના મેસમાં પીરસવામાં આવેલું દૂષિત ભોજન આરોગ્યા બાદ એકસાથે 218 જેટલી વિદ્યાર્થિનીઓની તબિયત અચાનક લથડી પડી હતી. વિદ્યાર્થિનીઓને ગંભીર ઝાડા, ઉલટી અને પેટમાં અસહ્ય દુખાવાની ફરિયાદો ઉઠતાં હોસ્ટેલ કેમ્પસમાં ભારે અફરાતફરી અને ચીસાચીસનો માહોલ સર્જાયો હતો. અસરગ્રસ્ત વિદ્યાર્થિનીઓને તાબડતોબ આણંદની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવી છે.

આ બનાવની જાણ થતાં જ હોસ્ટેલ પ્રશાસન અને વિદ્યાર્થિનીઓના વાલીઓમાં ભારે ચિંતા અને ભયનો માહોલ છવાઈ ગયો હતો. આ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને આરોગ્ય વિભાગની ખાસ તપાસ ટીમ તાત્કાલિક રાણક ગર્લ્સ હોસ્ટેલ ખાતે પહોંચી ગઈ હતી અને સમગ્ર મામલે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

બીજી તરફ, આણંદ સિવિલ હોસ્પિટલ ખાતે મહાનગરપાલિકાના આરોગ્ય કમિટીના ચેરમેન સહિતની ઉચ્ચસ્તરીય ટીમે રૂબરૂ પહોંચીને સારવાર હેઠળ રહેલી વિદ્યાર્થિનીઓની મુલાકાત લઈ તબીબી સ્થિતિની સમીક્ષા કરી હતી.



### દૂષિત ખોરાકની ૨૧૮ વિદ્યાર્થિનીઓ ભોગ બની , ઘોર બેદરકારી ઉઘાડી પડી



રાણક ગર્લ્સ હોસ્ટેલમાં અચાનક 218 વિદ્યાર્થિનીઓ એકસાથે ભોજન લીધા બાદ બિમાર પડતાં હોસ્ટેલ સંચાલનની ઘોર લાપરવાહી છતી થઈ છે. રાત્રિના સમયે અચાનક વિદ્યાર્થિનીઓને પેટમાં કળતર અને ઉલટી-ઝાડા થતાં જ આણંદની હોસ્પિટલમાં ખસેડવાની ફરજ પડી હતી. આરોગ્ય વિભાગની ટીમે હોસ્ટેલના રસોડામાંથી ભોજનના સેમ્પલ લઈ આગળની કાયદાકીય તપાસ હાથ ધરી છે.

### કોન્ટ્રાક્ટર અને રેક્ટર સામે કડક કાર્યવાહીની ખાતરી

રાણક હોસ્ટેલમાં ફૂડ પોઈઝનિંગની ઘટના બાદ આક્રોશિત વિદ્યાર્થિનીઓના ધરણાં અને વિરોધ પ્રદર્શન આગળ હોસ્ટેલ સંચાલકોએ ઝૂકવું પડ્યું હતું. સીવીએમ સંચાલકોએ વિદ્યાર્થિનીઓની માંગણીઓ સ્વીકારીને જવાબદાર મેસ કોન્ટ્રાક્ટર તેમજ રેક્ટર સામે ત્વરિત શિક્ષાત્મક પગલાં લેવાની લેખિત/મોખિક બાંહેધરી આપી છે.

### સીવીએમ ઓફિસ બહાર વિદ્યાર્થિનીઓએ ધરણાં અને ઘેરાવ કર્યો



વિદ્યાર્થિનીઓના સ્વાસ્થ્ય સાથે થયેલા ગંભીર ખિલવાડને પગલે હોસ્ટેલની વિદ્યાર્થિનીઓમાં ભારે રોષ વ્યાપી ગયો હતો. રોષે ભરાયેલી વિદ્યાર્થિનીઓ મોટી સંખ્યામાં એકત્રિત થઈને સીવીએમ ઓફિસ બહાર પહોંચી ગઈ હતી અને ધરણાવિરોધ યોજી તંત્ર વિરુદ્ધ જોરદાર સૂત્રોચ્ચાર કર્યા હતા. વિદ્યાર્થિનીઓના આક્રોશ અને હોબાળાને પગલે સંચાલકો દોડતા થઈ ગયા હતા. આખરે સીવીએમના સંચાલકોએ બેદરકાર મેસ કોન્ટ્રાક્ટર અને હોસ્ટેલના રેક્ટર સામે કડક પગલાં ભરવાની સ્પષ્ટ ખાતરી આપતાં મામલો શાંત પડ્યો હતો.

# કણજરીમાં દૂષ્કર્મ કેસમાં નરાધમને 20 વર્ષની કેદ

**સોશ્યલ મિડિયા પર** પ્રેમજાળમાં ફસાવી ભગાડી ગયા બાદ કૂકર્મ આચર્યું હતું

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૧

નડિયાદ તાલુકાના કણજરી ગામમાં રહેતી ૧૭ વર્ષીય સગીરાને ઈન્સ્ટાગ્રામ મારફતે પ્રેમજાળમાં ફસાવી દુષ્કર્મ આચરવાના અને અપહરણના કેસમાં નડિયાદની સ્પેશિયલ પોક્સો કોર્ટે આરોપીને દોષિત ઠેરવી ૨૦ વર્ષની સખત કેદ તથા રૂ. ૪૫,૦૦૦ ના દંડની સજા સંભળાવી છે.

મૂળ મહારાષ્ટ્રના અને હાલ કણજરીમાં રહેતા અમીત વિજય જગન્નાથ આગાવણે સોશિયલ મીડિયા પર વાતચીત કરી ૧૭ વર્ષ, ૯ માસની સગીરાને પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચ આપી અવારનવાર દુષ્કર્મ આચર્યું હતું. બાદમાં ૧૭ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ આરોપી સગીરાને આણંદ બોલાવી ભાડે લાવેલી ગાડીમાં અપહરણ કરી ભગાડી ગયો હતો. આ અંગે વડતાલ પોલીસે ગુનો નોંધી આરોપીને ઝડપી પાડી કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી.

આ કેસ નડિયાદના સ્પે. પોક્સો જજ પી.પી. પુરોહિતની કોર્ટમાં ચાલી જતાં, સરકારી વકીલ યોગીબેન કે. બારોટ દ્વારા રજૂ કરાયેલા ૧૭ દસ્તાવેજી પુરાવા અને ૧૩ સાહેદોની જુબાનીના આધારે કોર્ટે આરોપીને દોષિત ઠેરવ્યો હતો. કોર્ટે વિવિધ કલમ હેઠળ ૨૦ વર્ષની સખત કેદ અને રૂ. ૪૫ હજાર દંડનો હુકમ કર્યો છે. આ ઉપરાંત, ભોગ બનનાર સગીરાને દંડની રકમમાંથી રૂ. ૨૫ હજાર અને સરકારી ઠરાવ મુજબ રૂ. એક લાખ વળતર પેટે ચૂકવવાનો આદેશ કરાયો છે.

### બેકરી પર ફૂડ સેફ્ટી તપાસ મામલે વિવાદ | ઉઠાવી વિભાગીય તપાસની માંગ

# નડિયાદ મનપાના સેનિટરી ઈન્સ્પેક્ટરની સત્તા સામે નગરસેવકે સવાલો ઉઠાવ્યાં

**કોંગ્રેસ નેતા હાર્દિક** ભટ્ટે તપાસના તમામ રેકોર્ડ સુરક્ષિત રાખવા રજૂઆત કરી

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૧

નડિયાદ મહાનગરપાલિકાના સેનિટરી ઈન્સ્પેક્ટર દ્વારા શહેરની એક બેકરી ખાતે કરવામાં આવેલી ફૂડ સેફ્ટી તપાસમાં અધિકારીની કાયદેસરની સત્તા અને અધિકૃતતા સામે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે.

નડિયાદ શહેરમાં આવેલી બેકરી ખાતે 8મી સપ્ટેમ્બરના રોજ મનપાના સેનિટરી ઈન્સ્પેક્ટર દ્વારા ફૂડ સેફ્ટી સંબંધિત તપાસ કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યવાહી સામે કોંગ્રેસ પક્ષના નેતા હાર્દિક ભટ્ટે કાયદાકીય પ્રશ્નો ઉઠાવતા જણાવાયું છે કે સંબંધિત સેનિટરી ઈન્સ્પેક્ટરને ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ 2006ની કલમ 37 હેઠળ ફૂડ સેફ્ટી ઓફિસર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે કે નહીં તેની સ્પષ્ટતા થવી જરૂરી છે. ફૂડ સેફ્ટી એક્ટ હેઠળ સેનિટરી ઈન્સ્પેક્ટરને સ્વયંભૂ તમામ સત્તાઓ મળતી ન હોવાથી, જો તેઓ અધિકૃત અધિકારી હોય તો તેમનો એપોઈન્ટમેન્ટ ઓર્ડર, નોટિફિકેશન અથવા ઓથોરાઈઝેશન ઓર્ડર જાહેર કરવા માંગ કરાઈ છે.

જો અધિકારી પાસે કાયદેસરની સત્તા ન હોય તો કલમ 38 હેઠળ



સેમ્પલ લેવા, માલ સીઝ કરવો કે અન્ય કાર્યવાહી કરવાની તેમની પાસે કઈ સત્તા હતી તે અંગે સવાલો ઊભા કરાયા છે. આ ઉપરાંત, તપાસ દરમિયાન લેવાયેલા સેમ્પલ, તેની કિંમતનું ચૂકવણું, સેમ્પલ સીલ કરવાની પદ્ધતિ, પંચસાક્ષીઓની હાજરી અને લેબોરેટરી રિપોર્ટ અંગે લેખિત ખુલાસો માંગવામાં આવ્યો છે. સાથે જ તપાસના તમામ ફોટોગ્રાફ, વીડિયો, ઈન્સપેક્શન રિપોર્ટ, સીઝર મેમો અને પંચનામા સહિતના રેકોર્ડ સુરક્ષિત રાખવા તથા સોશિયલ મીડિયા પર મૂકાયેલા વિડીયો/ફોટોના ડિજિટલ પુરાવા તપાસમાં સામેલ કરી લેખિત અહેવાલ રજૂ કરવા માંગણી કરાઈ છે.

વધુમાં જણાવવામાં આવ્યું છે કે જો અધિકારી પાસે સત્તા ન હોવા છતાં વેપારીને હેરાન કરવાના હેતુથી કાર્યવાહી કરવામાં આવી હોય તો તેને માત્ર વહીવટી ભૂલ ન ગણતા સંબંધિત અધિકારી સામે વિભાગીય તપાસ કરીને પગલાં ભરવા જોઈએ. આગામી સમયમાં તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી સંબંધિત અધિકારીને ફૂડ સેફ્ટીની કામગીરીથી દૂર રાખવા અથવા સસ્પેન્ડ કરવા અંગે વિચારણા કરવા ભલામણ કરવામાં આવી છે.

# તારાપુરમાં ત્યજી દીધેલું નવજાત શિશુ મળી આવ્યું

**ગલિયાણાની સીમમાં** સાબરમતી બ્રિજ નીચેથી ત્યજી દીધું હતું

(પ્રતિનિધિ) તારાપુર તા.૧૧

આણંદના તારાપુર-વટામણ હાઈવે પર આવેલા સાબરમતી નદીના બ્રિજ નીચેથી તાજું જન્મેલું બાળક બિનવારસી હાલતમાં મળી આવતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. આ અંગે તારાપુર પોલીસે અજાણ્યા શખસો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં જ પાપ છુપાવવા માટે આ નવજાત શિશુને ત્યજી દેવામાં આવ્યું હોવાનું જણાયું છે.

તારાપુરના ગલિયાણા ગામની સીમમાં સાબરમતી બ્રિજ નીચે એક અવાવરૂ જગ્યાએથી લીલા, પીળા અને સફેદ કલરની ડિઝાઈનવાળા કપડામાં લપેટેલું નવજાત બાળક (દીકરો) ત્યજી દેવાયેલી હાલતમાં મળી આવ્યું હતું.

આ બનાવ અંગે વટામણના અરવિંદભાઈ ચંદુભાઈ મકવાણાએ તુરંત પોલીસને જાણ કરી હતી. આ બનાવની ગંભીરતા જોઈ તારાપુર પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી અને માસૂમ બાળકની સંભાળ સુનિશ્ચિત કરી હતી.

પોલીસની પ્રાથમિક તપાસમાં કોઈ અજાણ્યા માતા-પિતાએ પોતાનું પાપ છુપાવવાના ઈરાદે આ તાજા જન્મેલા બાળકને ત્યજી દીધું હોવાનું બહાર આવ્યું છે. આ અંગે તારાપુર પોલીસે અજાણ્યા વાલીવારસો સામે ગુનો નોંધી તેમની સઘન શોધખોળ શરૂ કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આણંદ જિલ્લામાં છેલ્લા કેટલાક વરસોમાં નવજાત શિશુના કિસ્સા વધી રહ્યાં છે.

### મહાનગરપાલિકાની આરોગ્ય વિભાગની ટીમનું આકસ્મિક ચેકિંગ

# આણંદની શિવ દુગ્ધાલયમાં ગંદકી બદલ ₹ ૩૦ હજારનો દંડ

**મનપાની તપાસમાં** અસ્વચ્છતા અને એક્સપાયરી ડેટ વગરના ખાદ્યપદાર્થો મળ્યાં

(પ્રતિનિધિ) આણંદ તા.૧૧

કરમસદ - આણંદ મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા શિવ દુગ્ધાલય ખાતે આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. આ નિરીક્ષણ દરમિયાન સ્વચ્છતાનો સદંતર અભાવ અને એક્સપાયરી ડેટ વગરના ખાદ્યપદાર્થો વેચાણ અર્થે રાખવામાં આવ્યા હોવાનું સામે આવતા મ્યુનિસિપલ તંત્ર દ્વારા સ્થળ પર જ કાયદેસરની દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.



કરમસદ - આણંદ મહાનગરપાલિકાના આરોગ્ય ટીમની તપાસ દરમિયાન શિવ દુગ્ધાલયના પરિસરમાં અનિયમિતતાઓ અને ક્ષતિઓ પ્રકાશમાં આવી હતી. વેચાણ માટે મૂકવામાં આવેલી વિવિધ ખાદ્ય ચીજવસ્તુઓ પર અનિવાર્ય એવી એક્સપાયરી ડેટનો કોઈ ઉલ્લેખ નહોતો. જાહેર આરોગ્ય સાથે સીધી રીતે જોડાયેલી આ પ્રકારની ગંભીર બેદરકારી બદલ કરમસદ આણંદ મહાનગરપાલિકા દ્વારા શિવ દુગ્ધાલય પાસેથી વહીવટી ચાર્જ પેટે કુલ રૂ. ૩૦,૦૦૦નો દંડ ફટકારી તેની વસૂલાત કરવામાં આવી છે.

આણંદ - કરમસદ મનપાની આ કાર્યવાહીના પગલે ગંદકી કરતા વેપારીઓમાં ફફડાટ ફેલાઈ ગયો છે. આ અંગે મનપાએ સ્પષ્ટ કર્યું છે કે, ખાદ્યપદાર્થોનું વેચાણ કરતા તમામ એકમોએ નિર્ધારિત આરોગ્યપ્રદ ધોરણોનું ચુસ્તપણે પાલન કરવું પડશે. શહેરમાં સ્વચ્છતા અને આરોગ્યના નિયમોના કડક અમલીકરણ માટે આ પ્રકારની આકસ્મિક તપાસ ઝુંબેશ આગામી સમયમાં પણ સતત ચાલુ રાખવામાં આવશે અને નિયમભંગ કરનારા એકમો સામે આવી જ કાર્યવાહી કરાશે.

### કપડવંજમાં ‘બાપા ઓફ કાછિયાવાડ’નું આતશબાજી સાથે ભવ્ય શાહી સ્વાગત



કપડવંજ નગરના આઝાદચોક ખાતે કાછિયા પટેલ ગણેશ યુવક મંડળના શ્રીજી (બાપા ઓફ કાછિયાવાડ)નું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. પંડાલમાં પધરામણી થાય તે પહેલાં ગાંધીજીની પ્રતિમા પાસે ભવ્ય આતશબાજી સાથે શ્રીજીના શાહી વધામણાં કરાયા હતા. ‘ગણપતિ બાપા મોરિયા’ના ગગનભેદી નારાઓ સાથે ઉપસ્થિત જનમેદનીએ ઉત્સાહભેર આ પ્રસંગ ઉજવ્યો હતો. ઉપસ્થિત લોકોએ આ ભવ્ય સ્વાગતની વીડિયોગ્રાફી કરી સોશિયલ મીડિયા પર વાયરલ કરી હતી. - **તસવીર : હરિશ જોષી**

### શોરૂમના મેનેજર સામે રૂ. ૮.૬૦ લાખની છેતરપિંડીની વધુ એક ફરિયાદ

# વકીલને કાર પર ડિસ્કાઉન્ટની લાલચ આપી ઠગાઈ આચરી

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૧

નડિયાદમાં કોકરણ મંદિર સામે આવેલા ટાટા પ્રોગ્રેસીવ શોરૂમના મેનેજર સામે જૂની કાર સારા ભાવે વેચી આપવાની અને નવી કાર પર ડિસ્કાઉન્ટ આપવાની લાલચ આપી કઠલાલના વકીલ સાથે રૂ. ૮.૬૦ લાખની છેતરપિંડી આચરવામાં આવી હોવાની ફરિયાદ નડિયાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.

કઠલાલ ખાતે વિશ્વકર્મા સો મિલ પાછળ રહેતા અને નડિયાદ કોર્ટમાં વકીલાત કરતા ૩૨ વર્ષીય નીતીરાજ બાબુલાલ મીસ્ત્રી પોતાની ટાટા અલ્ટ્રોઝ કારનો ઉપયોગ કરતા હતા. તેમણે નવી કાર ખરીદવાની હોવાથી શોરૂમના મેનેજર રાજન રમેશચંદ્ર જોષીનો સંપર્ક કર્યો હતો. રાજન જોષીએ જૂની કાર એક્સચેન્જમાં સારા ભાવે લેવાની અને નવી કાર પર રૂ. ૧.૫૦ લાખનું ડીલર તથા રોયલ્ટી ડિસ્કાઉન્ટ આપવાની ખાતરી આપી હતી.

ગત ૨૩મી ઓગસ્ટના રોજ રાજન જોષી અને શોરૂમનો ડ્રાઈવર નડિયાદ કોર્ટ પરિસરમાંથી નીતીરાજની કાર શોરૂમ ખાતે લઈ ગયા હતા. બાદ મેનેજરના કહેવાથી નીતીરાજે કેનેરા બેંક કઠલાલ શાખામાંથી બાકી લોન ભરપાઈ કરી NOC મેળવી વોટ્સએપ મારફતે મોકલી આપી હતી. મેનેજરે કાર વેચાઈ ગયા બાદ પૂરા નાણાં ચૂકવી આપવાનો વાયદો કર્યો હતો.

ત્યારબાદ ૮મી સપ્ટેમ્બરના રોજ નીતીરાજ નાણાંનો ચેક લેવા શોરૂમ પર ગયા ત્યારે શોરૂમના કર્મચારી જીગરભાઈએ તેમને ઓળખવાની ના પાડી સંતોષકારક જવાબ આપ્યો ન હતો. ત્યાં હાજર નિરલભાઈ નામના વ્યક્તિએ આ કારનું પૂરેપૂરું પેમેન્ટ ટાટા પ્રોગ્રેસીવમાં જમા થઈ ગયું હોવાનું જણાવ્યું હતું. આમ કાર માલિકને રૂ. ૮.૬૦ લાખ ન આપી છેતરપિંડી કરી હોવાનું સામે આવ્યું હતું. આ બનાવ અંગે નીતીરાજ મીસ્ત્રીની ફરિયાદના આધારે નડિયાદ ટાઉન પોલીસે ટાટા પ્રોગ્રેસીવના મેનેજર રાજન રમેશચંદ્ર જોષી, ડીલર તથા કર્મચારી જીગરભાઈ વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# સ્વજનના અંગોની જરૂર સ્વર્ગમાં નહીં પૃથ્વી પર છે : પદ્મશ્રી નિલેશ માંડલેવાલા

**સરદાર પટેલ** યુનિવર્સિટીમાં ‘ડોનેટ લાઈફ’ના સ્થાપકે યુવાનોને અંગદાનની જાગૃતિ ફેલાવવા આહ્વાન કર્યું

(પ્રતિનિધિ) આણંદ તા.૧૧

‘અંગદાન એ માત્ર દાન નથી પરંતુ દેશભક્તિનું કાર્ય અને ઈશ્વરીય સેવા છે.’ સરદાર પટેલ યુનિવર્સિટી ખાતે યોજાયેલી વિશેષ વ્યાખ્યાનમાળામાં ‘ડોનેટ લાઈફ’ના સ્થાપક પદ્મશ્રી નિલેશભાઈ માંડલેવાલાએ અંગદાન પ્રવૃત્તિને ‘વિકસિત ભારત 2047’ના રાષ્ટ્રીય મિશન સાથે જોડીને એક નવો દ્રષ્ટિકોણ રજૂ કર્યો હતો. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, ‘તમારા સ્વજનના અંગની જરૂર સ્વર્ગમાં નથી, પણ પૃથ્વી પર જીવન માટે ઝઝૂમતા માનવોને છે.’

આ વ્યાખ્યાનમાં પદ્મશ્રી નિલેશ માંડલેવાલાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, ‘પદ્મશ્રીનું સન્માન એ માત્ર સન્માન નથી પણ સમાજ પ્રત્યેની મોટી જવાબદારી છે.’



કેડેવરિક અંગદાનના ક્ષેત્રમાં ગુજરાતમાં અનેક પડકારો વચ્ચે પણ પોતાની NGO ‘ડોનેટ લાઈફ’ના અવિરત પ્રયાસોથી મળેલી સફળતાના અનુભવો રજૂ કરી તેમણે યુવા વિદ્યાર્થીઓને અંગદાન અંગે સભાન થઈ સમાજમાં જાગૃતિ ફેલાવવા પ્રેરણા આપી હતી.

અંગદાનનું આધ્યાત્મિક અને પૌરાણિક મહત્વ સમજાવતા તેમણે ઉમેર્યું હતું કે, સૌથી પહેલું ટ્રાન્સપ્લાન્ટ શ્રી ગણેશ ભગવાનનું થયું હતું અને મહર્ષિ દધિચીએ પણ સમાજહિત માટે પોતાના હાડકાંનું દાન કર્યું હતું. તેથી અંગદાન એ અન્યના જીવનમાં ખુશહાલી લાવવાની આપણી સહુની નૈતિક જવાબદારી બની રહે છે.

સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ડો. નિરંજનભાઈ પટેલની પ્રેરણાથી બિઝનેસ સ્ટડીઝ વિભાગના ઓડિટોરિયમ ખાતે ‘અંગદાન : જીવનદાન’ વિષય પર પદ્મશ્રી વ્યાખ્યાન શ્રેણીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે યુનિવર્સિટીના અધ્યાપકો, વિદ્યાર્થીઓ, પત્રકારો અને પ્રબુદ્ધ નાગરિકો મળીને આશરે 110 જેટલા લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમના અંતે શિક્ષણશાસ્ત્ર વિભાગના ડૉ. ઋતા પરમારે આભારવિધિ વ્યક્ત કરી હતી.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**

મો. 99250 30225, મો. 99255 50225